# ડીઝલની અછત થતાં ટેન્કરમાં જ પેટ્રોલ પંપ બનાવી દીધો

**હલકી** ગુણવત્તાવાળું ડીઝલ 77 રૂપિયામાં લિટર વેચતા હતા

**નહીં કોઇ** લાયસન્સ નહીં જીએસટી નંબર, 800 લિટર ડિઝલ સાથે બે ઝડપાયા

સુરત : નકલી વસ્તુ પકડાવાની બાબતમાં સુરત રાજ્યમાં મોખરે છે. જેમાં એકનો વધારો થયો છે. હવે સુરતના અમરોલી વિસ્તારમાંથી પોલીસે નકલી પેટ્રોલ પંપ પકડી પાડ્યો છે. એટલે કે કોઇ પણ જાતની સરકારી મંજૂરી મેળવ્યા વગર આ પેટ્રોલ પંપ ધમધમતો હતો. પોલીસે બે યુવાનોની ધરપકડ કરી બે વાહનો, મોબાઈલ ફોન અને રૂ. 61,600ની કિંમતના 800 લીટર ડિઝલ સહિત રૂ. 22,69,600ની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

અમરોલી પોલીસ મથકમાં ફરજ બજાવતા પોસઈ જે.જી. કામળિયાએ નોંધાવેલી ફરિયાદ મુજબ ગઇ કાલે તા. 26મીએ રાત્રે પોણા દસ વાગ્યે બાતમીના આધારે અમરોલી પોલીસની ટીમે અમરોલી વેલંજા રોડ પર દ્વારકાધીશ ટી સ્ટોલની બાજુમાં દરોડો પાડ્યો હતો. જ્યાં ભરત કલા કેરાસિયા (ઉ.વ.43, રહેઃ મણિબાગ સોસાયટી, પીપલ ચાર રસ્તા, કતારગામ, મૂળરહેઃ રંઘોળા, તા. ઉમરાળા, જિ. ભાવનગર) અને મહેશ દીયાલ ખીસડિયા (ઉ.વ.32, રહેઃ ગાયત્રી સોસાયટી, જનતાનગરન બાજુમાં, રચના સર્કલ પાસે, કાપોદ્રા, મૂળ રહેઃકાસડી, તા. લાઠી, જિ.અમરેલી) હાજર મળી આવ્યા હતા.

જેની પાસે પેટ્રોલ પંપનું લાયસન્સ સહિતના પુરાવા માગતા કોઈ પણ પ્રકારના પુરાવા કે લાયસન્સ રજૂ કરી શક્યા ન હતી. જેની આકરી પૂછપરછ કરતા આ પેટ્રોલ પંપના માલિક દિનેશ ભૂપત કાતરિયા (રહેઃ ભાદ્રોડ ગામ, તા. મહુવા, જિ. ભાવનગર) અને અશોક કુવાડિયા હોવાની કબૂલાત કરી હતી. પકડાયેલા બન્ને મહિને રૂ. 20 હજારના વેતનથી નોકરી કરતી હોવાનું જણાવ્યું હતું.

પોલીસે અશોક લેલન્ડ અને એક ટેન્કર મળી કુલ બે વાહનો, 800 લીટર ડિઝલ અને બે મોબાઇલ ફોન મળી કુલ રૂ. 22.69,600નો મુદ્દામાલ કબજે કર્યો હતો. કોઇ પણ જાતના આધાર પુરાવા કે સરકારી લાયસન્સ વગર, જીએસટી નંબર વગર પેટ્રોલ પંપ ચાલતો હતો. જે સરકારી કરની ચોરી કરી રહ્યા હોવાનું ફલિત થયું હતું.

અમરોલીના પીઆઇ જે. બી. વનારે જણાવ્યું હતું કે આ પેટ્રોલ પંપ પર રૂ. 77ના ભાવે એક લીટર ડિઝલનું વેચાણ કરવામાં આવતું હતું. એટલે કે હલકી ગુણવત્તાનું ડિઝલ સસ્તામાં વેચાણ કરાતું હતું.

# શેરમાં રોકાણ કરાવી વિદ્યાર્થી સાથે 14.55 લાખની ઠગાઈ

**કમિશનની** લાલચમાં બેંક ખાતા ભાડે આપનારા બેની ધરપકડ

સુરતઃ શહેરમાં સાયબર ગઠિયાઓ હવે જાણીતી ફાઈનાન્શિયલ કંપનીઓના નામે રોકાણકારોને નિશાન બનાવી રહ્યા છે.રાંદેરમાં રહેતા 19 વર્ષીય વિદ્યાર્થી સોશ્યલ મીડિયા પર સ્ટોક માર્કેટમાં ઉંચા નફાની અને IPO એલોટમેન્ટની લાલચ આપી સાયબર ભેજાબાજોએ કુલ 14,55,000 પડાવી લેતા મામલો સાયબર ક્રાઈમ પોલીસમાં પહોંચ્યો છે.પોલીસે કાર્યવાહી કરી બે આરોપીઓને પકડી પાડ્યા છે.

ન્યુ રાંદેર રોડના ગુલઝાર એપાર્ટમેન્ટમાં રહેતો સોજીબ ઈર્શાદ ધોરાજીવાલાને (વિદ્યાર્થી) ગઠિયાઓએ લિંક મોકલી બનાવટી ડીમેટ એકાઉન્ટ ખોલાવ્યું હતું. શરૂઆતમાં નફો બતાવીટુકડે-ટુકડે લાખો રૂપિયા પડાવ્યા હતા.

જ્યારે સોજીબએ પોતાનો નફો અને રોકાણ કરેલી રકમ પાછી મેળવવા પ્રયાસ કર્યો, ત્યારે ગઠિયાઓએ જણાવ્યું હતું કે કમાણી પર ટેક્સ ભર્યા વગર નાણાં ઉપાડી શકાશે નહીં. વધુ નાણાંની માંગણી થતા યુવાનને છેતરાયાનો અહેસાસ થયો હતો.

આ મામલે સાયબર પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન બાતમી મળતા બે આરોપીઓને પકડી પાડ્યા હતા. પકડેલા આરોપી રાજેશ લાખાભાઈ રૂડાણી (રહે.ક્ષમા સોસાયટી,વરાછા) તેના બરોડા ગુજરાત ગ્રામીણ બેંકના ખાતામાં છેતરપિંડીના રૂ. 1.05 લાખ જમા થયા હતા. આ ખાતામાંથી કુલ રૂ. 1.12 કરોડના શંકાસ્પદ વ્યવહારો મળી આવ્યા છે.

પ્રફુલભાઇ નનુભાઇ માંડણકા (રહે. વર્જરાજ સોસાયટી,સરથાણા) આ આરોપીએ 1% કમિશનના લાલચે રાજેશ પાસેથી બેંક એકાઉન્ટ મેળવી, ફરાર આરોપી હિરેનને 1.5% કમિશન પર સાયબર ફ્રોડ માટે પૂરું પાડ્યું હોવાનું બહાર આવ્યું છે.

# કાળઝાળ ગરમી વચ્ચે 1-2 એપ્રિલે 4 ઝોનમાં પાણીકાપ

**લિંબાયત,** ઉધના-એ, અઠવા અને સેન્ટ્રલ ઝોનમાં અસર

**દિલ્હી ગેટ** પાસે લાઇન રિપેરિંગને પગલે અનેક વિસ્તારોમાં પુરવઠો ખોરવાશે

સુરતઃ સુરત મહાનગરપાલિકા દ્વારા કતારગામથી આવતી મુખ્ય પાણીની લાઈનમાં દિલ્હી ગેટ પાસે થયેલા લીકેજ રિપેરિંગની તાકીદની કામગીરી હાથ ધરવામાં આવશે. આ કામગીરી તા. 01/04/2026, બુધવારના રોજ સવારે 9:30 કલાકથી તા. 02/04/2026, ગુરુવારના રોજ સવારે 8:00 કલાક સુધી ચાલશે. જેના કારણે શહેરના લિંબાયત, ઉધના-એ, અઠવા અને સેન્ટ્રલ ઝોનના અનેક વિસ્તારોમાં બે દિવસ સુધી પાણી પુરવઠો સંપૂર્ણ બંધ અથવા ઓછા પ્રેશરથી મળશે. બુધવારે સાંજે ઉધના ચીકુવાડી હેઠળના જુના બમરોલીના અપેક્ષા નગર, હરીઓમ, પુનિત, દેવી દર્શન, જય જવાન જય કિશાન સોસાયટી તેમજ ગોવાલક વિસ્તારના અંબિકા નગર, આશાપુરી, દેવેન્દ્ર નગર, ગણપત, લક્ષ્મી, કરશન, હીરા નગર અને કર્મયોગી સોસાયટીમાં પાણી બંધ રહેશે. આ સાથે પાંડેસરા અને ખટોદરા જી.આઈ.ડી.સી. તેમજ લિંબાયતના ભાઠેના, સલીમનગર, EWS ક્વાર્ટર્સ, જવાહરનગર, નહેરૂનગર, લો-કાસ્ટ કોલોની, ચીમનીનો ટેકરો, D-ટાઈપ ટેનામેન્ટ, ગાંધીનગર, ઈસ્લામપુરા, રઝા નગર અને જુના ડેપો વિસ્તારમાં પણ સપ્લાય બંધ રહેશે.

સેન્ટ્રલ ઝોનના મહીધરપુરા, રામપુરા, હરીપુરા, સૈયદપુરા, ધાસ્તીપુરા, શાહપોર-નાણાંવટ, રેલ્વે સ્ટેશન અને સુમુલ ડેરી વિસ્તારમાં બુધવારે સાંજે પાણી અંશતઃ અવરોધાય તેવી શક્યતા છે.

ગુરુવાર, તા. 02/04/2026ના રોજ સવારના સપ્લાયમાં પણ ભારે અસર જોવા મળશે. ઉધના ચીકુવાડી હેઠળ પાંડેસરા ગામતળ, આવિર્ભાવ સોસાયટી અને કૈલાશ નગરમાં પાણી બંધ રહેશે. પાંડેસરા જળ વિતરણ હેઠળ પાંડેસરા, ભેસ્તાન અને જી.આઈ.ડી.સી.માં તેમજ ખટોદરા હેઠળ ગાયત્રીનગર, શાંતિનગર, હરીનગર, આશા નગર, ઉધના ગામ તળ, અંબાનગર, ગાંધીકુટીર, આનંદ મંગલ, શુમંગલ સોસાયટી, જેપી પાર્ક અને એસ.કે. તથા રાધાકૃષ્ણ ઈન્ડસ્ટ્રીઝમાં સવારનો પુરવઠો બંધ રહેશે. લિંબાયતના ભાખડ માહોલ, રાહત કોલોની અને પંમ્પિંગ સ્ટેશન પાછળના વિસ્તારોમાં પણ સવારે પાણી નહીં મળે. આ ઉપરાંત, અઠવા ઝોનના ઉધના મગદલ્લા રોડ, ભટાર રોડ, અંબાનગર, કરીમાબાદ, રૂપાલી કેનાલના ટીપી વિસ્તારો અને સેન્ટ્રલ ઝોન (દક્ષિણ) ના બેગમપુરા, સલાબતપુરા, ગોપીપુરા, સગરામપુરા, નાનપુરા, રૂદરપુરા અને સોની ફળિયામાં પાણી ઓછા પ્રેશરથી મળવાની શક્યતા છે.

# ડિંડોલીની સરકારી શાળામાં બાળકો પાસે મજૂરી કરાવાય છે

**શિક્ષણ** સમિતિએ આચાર્યને નોટિસ ફટકારી ખુલાસો માંગ્યો

સુરતઃ સુરતના ડિંડોલી વિસ્તારમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળામાં વિદ્યાર્થીઓ પાસે બાળમજૂરી કરાવવામાં આવતી હોવાનો એક વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં શિક્ષણ જગતમાં ખળભળાટ મચી ગયો છે.

વાયરલ થયેલા આ વિડીયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે, શાળાનાં માસૂમ બાળકો ધોમધખતા તાપમાં ઉઘાડા પગે ચાલી રહ્યાં છે અને તેમના હાથમાં પાણીથી ભરેલી ભારે ડોલ ઊંચકીને શાળાના મેદાનમાં આવેલાં વૃક્ષોને પાણી પાઈ રહ્યાં છે.

ભણવાની ઉંમરે અને કાળઝાળ ગરમીમાં બાળકો પાસે આ પ્રકારે શારીરિક મજૂરી કરાવતો વિડીયો સામે આવતાં વાલીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

આ ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના અધ્યક્ષ રાજેન્દ્ર કાપડિયાએ તાત્કાલિક અસરથી તપાસના આદેશો જારી કર્યા છે. તેમણે ડિંડોલીની શુભવાટિકા પાસે આવેલી શાળા ક્રમાંક-403 અને 404ના આચાર્યને આ મામલે કારણદર્શક નોટિસ ફટકારી છે અને આગામી બે દિવસમાં આ અંગે લેખિતમાં ખુલાસો રજૂ કરવા તાકીદ કરી છે.

# ડિંડોલીમાં ૮ કરોડની લોન છતાં ફ્લેટ પધરાવી કરોડો ખંખેર્યા

**‘રાધિકા** હોમ્સ’ના બિલ્ડરોએ રોકાણકારોને ધમકાવી પઝેશન પરત પણ લઈ લીધું

**સરથાણા** અને અલથાણના ત્રણ બિલ્ડર વિરુદ્ધ ગુનો દાખલ

સુરતઃ ડિંડોલીના ‘રાધિકા હોમ્સ’ પ્રોજેક્ટના ત્રણ ભાગીદારે પૂર્વ આયોજિત કાવતરું રચી, બેંકમાં ગીરો મૂકેલી મિલકતો બારોબાર વેચી દઈ કરોડો રૂપિયાની છેતરપિંડી આચરી હોવાની વિગતો સામે આવી છે. આ મામલે ડિંડોલી પોલીસે ત્રણ બિલ્ડર વિરુદ્ધ છેતરપિંડી અને વિશ્વાસઘાતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપી રમેશ ગોરધન કથીરીયા, અશોક નરશીભાઈ પટેલ (બંને રહે., સ્વસ્તિક ટાવર, સરથાણા જકાતનાકા) અને નવીનચંદ્ર ગોરધન ટોપીયા (રહે., ત્રિશુલ એપાર્ટમેન્ટ, ઉધના તથા વાસ્તુ ડિસ્કવરી, અલથાણ) એ ભાગીદારીમાં ડિંડોલી ખાતે ‘રાધિકા હોમ્સ’ નામનો પ્રોજેક્ટ શરૂ કર્યો હતો. આ બિલ્ડરોએ પ્રોજેક્ટના અમુક ફ્લેટો ‘પીરામીલ કેપિટલ હાઉસિંગ ફાયનાન્સ લિ.’ માં ગીરો મૂકી તેના પર આશરે રૂ. ૮,૦૭,૯૫,૦૦૦ ની લોન મેળવી હતી. નિયમ મુજબ, બેંકમાં ગીરો મિલકત બેંકની મંજૂરી વગર વેચી શકાય નહીં, પરંતુ આ ત્રણેય ભેજાબાજે લોન કે વ્યાજ ભરપાઈ કર્યા વગર જ આ ફ્લેટો અન્ય ગ્રાહકોને પધરાવી દીધા હતા. આ કૌભાંડમાં કતારગામની શાંતિનિકેતન સોસાયટીમાં રહેતા ૬૩ વર્ષીય રામજીભાઈ અરજણભાઈ બધીવાલા મુખ્ય ભોગ બન્યા છે. તેમની પાસેથી ફ્લેટના વેચાણ પેટે આરોપીઓએ રૂ. ૮૪,૯૫,૦૦૦ વસૂલ્યા હતા. તેવી જ રીતે ઉમેશ સોજીત્રા નામના અન્ય વ્યક્તિ પાસેથી પણ રૂ. ૨૦ લાખ પડાવ્યા હોવાનું સામે આવ્યું છે. તપાસમાં બહાર આવ્યું છે કે બિલ્ડરોએ અન્ય અનેક રોકાણકારો પાસેથી પણ લાખો રૂપિયા ખંખેર્યા છે. આરોપીઓની શાનપટ્ટી અહીં જ અટકી નહોતી. ફ્લેટોનું વેચાણ કરી કબજો સોંપ્યા બાદ, બિલ્ડરોએ ભાડૂઆતો અને રોકાણકારો પર દબાણ લાવવાનું શરૂ કર્યું હતું. ગુંડાગીરી અને ધમકીઓ આપીને ફ્લેટોનો કબજો ફરીથી પોતાના હસ્તક કરી લેતાં રોકાણકારોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. છેવટે, પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થતાં ભોગ બનનારે પોલીસના દ્વાર ખખડાવ્યા હતા. હાલ ડિંડોલી પોલીસે ત્રણેય બિલ્ડર સામે કાયદેસરની કાર્યવાહી કરી તેમની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

## સિટીલાઇટના વૈષ્ણોદેવી મંદિરમાં કન્યા પૂજન



■ શહેરના સિટીલાઇટ રોડ ખાતે આવેલા વૈષ્ણોદેવી મંદિરમાં રામનવમી નિમિત્તે કન્યા પૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું. **(તસવીર : સતીષ જાદવ)**

# આજે રાત્રે 8:30થી 9:30 સુધી અર્થ અવર

**બિનજરૂરી** લાઇટો તેમજ વિદ્યુત ઉપકરણો બંધ રાખવા મનપાની અપીલ

સુરતઃ સુરત મહાનગરપાલિકા દ્વારા વર્લ્ડ વાઇલ્ડ ફંડ ફોર નેચરના વૈશ્વિક પર્યાવરણ અભિયાન “અર્થ અવર” અંતર્ગત શહેરના તમામ નાગરિકો, વેપારીઓ અને ઔદ્યોગિક એકમોને સહભાગી થવા ખાસ અપીલ કરવામાં આવી છે. આ અભિયાન અંતર્ગત 28 માર્ચ શનિવારે રાત્રે 8:30 થી 9:30 કલાક દરમિયાન તમામ ઘરો, ઓફિસો, દુકાનો અને સંસ્થાઓમાં બિનજરૂરી લાઇટો તેમજ વિદ્યુત ઉપકરણો બંધ રાખવા વિનંતી કરવામાં આવી છે. સુરત મહાનગરપાલિકા પોતે પણ આ પહેલમાં જોડાઈને પોતાની તમામ કચેરીઓ, જાહેર ઇમારતો અને હેરિટેજ મિલકતોમાં એક કલાક માટે અનાવશ્યક વીજળીનો વપરાશ બંધ રાખીને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપશે.

“અર્થ અવર” એ વિશ્વનું સૌથી મોટું પર્યાવરણ જાગૃતિ અભિયાન છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય ઊર્જા બચત, ગ્લોબલ વોર્મિંગ સામે લડત અને જળવાયુ પરિવર્તન અંગે જાગૃતિ લાવવાનો છે. સુરત જેવા ઝડપથી વિકસતા શહેરમાં વધતા જતા ઊર્જા વપરાશ વચ્ચે, માત્ર 1 કલાક માટે પ્રતિકાત્મક રીતે લાઇટો બંધ રાખવાથી કાર્બન ઉત્સર્જન ઘટાડવામાં અને ટકાઉ જીવનશૈલી અપનાવવામાં મોટું યોગદાન આપી શકાય તેમ છે.

## સુરતમાં ૩૭.૬ ડિગ્રી તાપમાન છતાં ૪૦ ડિગ્રી જેવો અહેસાસ

સુરતઃ સુરત શહેરમાં આજે મહત્તમ તાપમાન ૩૭.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે ગઈકાલ જેટલું જ રહ્યું હતું. જોકે, તાપમાન સ્થિર હોવા છતાં ગરમીનો અનુભવ વધુ તીવ્ર રહ્યો હતો. લઘુત્તમ તાપમાનમાં થોડો ઘટાડો નોંધાયો હતો અને તે ૨૪.૪ ડિગ્રી સેલ્સિયસ સુધી આવી ગયું હતું. આજે શહેરમાં રાજસ્થાન તરફથી આવતા સુકા ઉત્તર પવનો ફૂંકાતા વાતાવરણમાં શુષ્કતા વધી ગઈ હતી. આશરે ૬ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ફૂંકાતા પવન સાથે ભેજનું પ્રમાણ માત્ર ૩૫ ટકા નોંધાયું હતું, જેના કારણે ગરમી વધુ કંટાળાજનક બની ગઈ હતી. હવામાનના પરિબળોને ધ્યાનમાં લેતા, વાસ્તવિક તાપમાન ૩૭ ડિગ્રી હોવા છતાં લોકોને તે લગભગ ૪૦ ડિગ્રી જેટલું અનુભવાયું હતું. ભેજનું ઓછું પ્રમાણ અને સુકા પવનોના કારણે શરીર પર ગરમીનો પ્રભાવ વધુ પડતો જણાયો હતો.

# સ્વચ્છતા સર્વેક્ષણ માટે 5 એપ્રિલથી ધમધમાટ શરૂ થશે

**સુરત** મનપાનું તંત્ર સજ્જ, નાગરિકોનો ફીડબેક બનશે નિર્ણાયક

સુરત : કેન્દ્ર સરકાર દ્વારા સ્વચ્છ સર્વેક્ષણ 2025-26 માટેની ગાઈડલાઈન્સ અને સમયપત્રક જાહેર થતાં સુરત મહાનગરપાલિકાનું તંત્ર સંપૂર્ણ સજ્જ બની ગયું છે. એપ્રિલ મહિનાથી જ સર્વેક્ષણની પ્રક્રિયા ઝડપી બનશે.

કેન્દ્ર સરકારના નિર્દેશ મુજબ, શહેરમાં 5 એપ્રિલ સુધી MIS અને GMIS પોર્ટલ પર ડેટા અપડેટ કરવાની કામગીરી હાથ ધરાશે. આ સર્વેક્ષણમાં 31 માર્ચ 2026 સુધી થયેલી કામગીરીનું મૂલ્યાંકન થવાનું હોવાથી છેલ્લા એક વર્ષ દરમિયાન કચરા નિકાલ, ગટર વ્યવસ્થા અને સફાઈ સંબંધિત પ્રોજેક્ટ્સની વિગત ઓનલાઈન અપલોડ કરવાની કામગીરીને પ્રાથમિકતા અપાઈ છે. સ્વચ્છ સર્વેક્ષણમાં નાગરિકોની ભૂમિકા મહત્વપૂર્ણ માનવામાં આવે છે. 10 એપ્રિલ 2026થી ‘રાઉન્ડ ધ યર સિટીઝન ફીડબેક’ પ્રક્રિયા શરૂ થશે, જેમાં સુરતના નાગરિકો સીધા કેન્દ્ર સરકારને શહેરની સફાઈ અંગે પોતાનો પ્રતિસાદ આપી શકશે. આ માટે મહાનગરપાલિકા દ્વારા વિવિધ ઝોનમાં જનજાગૃતિ કાર્યક્રમો યોજાશે, જેથી વધુમાં વધુ લોકો જોડાઈ શકે. સમયપત્રક અનુસાર, 10થી 15 એપ્રિલ દરમિયાન SLP ડોક્યુમેન્ટ સબમિટ કરાશે. ત્યારબાદ 16 એપ્રિલથી 31 મે 2026 દરમિયાન કેન્દ્રીય ટીમ દ્વારા શહેરમાં ફિલ્ડ એસેસમેન્ટ હાથ ધરાશે. આ દરમિયાન જાહેર શૌચાલયો, કચરાના ડમ્પિંગ સાઈટ્સ, રહેણાંક વિસ્તારો અને બજારોમાં અચાનક મુલાકાત લઈને સફાઈની વાસ્તવિક સ્થિતિનું મૂલ્યાંકન કરવામાં આવશે. કેન્દ્ર સરકારે આ વખતે નિષ્પક્ષ અને પ્રભાવમુક્ત મૂલ્યાંકન પર ખાસ ભાર મૂક્યો છે. મહાનગરપાલિકાને સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે તપાસકર્તાઓને કોઈપણ પ્રકારની સુવિધા પૂરી પાડવી નહીં. શહેરને પોતાની કામગીરીના આધારે જ ગુણ મેળવવાના રહેશે. ઉલ્લેખનીય છે કે સુરત શહેર અગાઉ ગાર્બેજ ફ્રી સિટી અને વોટર પ્લસ જેવા પ્રતિષ્ઠિત રેટિંગ મેળવી ચૂક્યું છે. આ વખતે પણ દેશભરમાં પ્રથમ ક્રમ મેળવવા માટે તંત્ર સક્રિય બન્યું છે. સાથે સાથે નાગરિકોને પણ કચરો અલગ રાખવા, જાહેર સ્થળોએ ગંદકી ન કરવા અને સચોટ ફીડબેક આપવા અપીલ કરવામાં આવી છે.

# રજામાં પણ નાગરિક સુવિધા કેન્દ્રો ધમધમશે, વ્યાજમાફીનો લાભ મળશે

સુરતઃ સુરત મહાનગરપાલિકા દ્વારા ચાલુ નાણાકીય વર્ષ પૂર્ણ થવાને આરે છે ત્યારે બાકી મિલકત વેરો વસૂલવા માટે આક્રમક અભિગમ અપનાવવામાં આવ્યો છે. જે કરદાતાઓએ હજુ સુધી પોતાનો વેરો ભરપાઈ કર્યો નથી, તેમને મનપાએ છેલ્લી તક આપતા મોટી જાહેરાત કરી છે. મનપાના જણાવ્યા અનુસાર, તારીખ 31 માર્ચ 2026 સુધીમાં બાકી રહેતો તમામ મિલકત વેરો ભરપાઈ કરનાર નાગરિકોને વ્યાજ, નોટિસ ફી અને વોરંટ ફીમાં 100% સુધીની માફી આપવામાં આવશે. આ ઉપરાંત, જે કરદાતાઓ નિયમિતપણે વેરો ભરે છે, તેમને રિબેટ યોજનાનો લાભ પણ મળવાપાત્ર રહેશે. મનપાએ પોતાના વાર્ષિક મહેસૂલી લક્ષ્યાંકોને પ્રાપ્ત કરવા માટે આગામી જાહેર રજાના દિવસોમાં પણ તમામ ઝોનના નાગરિક સુવિધા કેન્દ્રો કાર્યરત રાખવાનો મહત્ત્વનો નિર્ણય લીધો છે.

નાગરિકોની સુવિધા માટે પાલિકાએ ઓનલાઈન વેરો ભરવાની વ્યવસ્થા પણ કાર્યરત રાખી છે, જેમાં વેબસાઈટ www.suratmunicipal.gov.in અથવા મોબાઈલ એપ દ્વારા ઘરે બેઠા વેરો ભરી શકાશે. રૂબરૂ વેરો ભરવા માંગતા નાગરિકો માટે સુવિધા કેન્દ્રોનો સમય નક્કી કરવામાં આવ્યો છે, જેમાં તારીખ 26, 28 અને 29 માર્ચના રોજ સવારે 10:30 થી બપોરે 3:30 કલાક સુધી કેન્દ્રો ખુલ્લા રહેશે. જ્યારે નાણાકીય વર્ષના અંતિમ દિવસ એટલે કે તારીખ 31 માર્ચના રોજ સવારે 10:30 થી સાંજના 6:10 કલાક સુધી નાગરિક સુવિધા કેન્દ્રો ધમધમશે. પાલિકા તંત્ર દ્વારા શહેરના તમામ કરદાતાઓને આ વ્યાજ રાહત અને રિબેટ યોજનાનો મહત્તમ લાભ લેવા અને સમય મર્યાદામાં વેરો ભરપાઈ કરી જવાબદાર નાગરિક તરીકે સહયોગ આપવા અપીલ કરવામાં આવી છે.

# મજૂરા ગેટ પાસે પીવાના પાણીની લાઈનમાં ભંગાણ છતાં તંત્ર ‘કુંભકર્ણ’ની નિદ્રામાં

**હજારો** લિટર પાણીનો વેડફાટ, ‘જળ એ જ જીવન’ના સૂત્ર આપનારી મનપાની બેદરકારીથી લોકોમાં રોષ



સુરતઃ શહેરના અત્યંત વ્યસ્ત અને પોશ ગણાતા મજુરા ગેટ વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસોથી પીવાના પાણીની મુખ્ય પાઈપલાઈનમાં મોટું ભંગાણ પડ્યું છે. સ્થાનિક રહીશો અને વેપારીઓના જણાવ્યા અનુસાર, દરરોજ સવારે જ્યારે મહાનગરપાલિકા દ્વારા પાણીનો સપ્લાય શરૂ કરવામાં આવે છે, ત્યારે હજારો લિટર શુદ્ધ ફિલ્ટર પાણી રસ્તા પર વહીને ગટરમાં ભેગું થઈ રહ્યું છે. લાખો રૂપિયાના ખર્ચે ફિલ્ટર પ્લાન્ટમાં શુદ્ધ કરવામાં આવેલું પીવાનું પાણી આ રીતે વેડફાતું જોઈ સ્થાનિકોમાં મનપાની કામગીરી સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. રહીશોનો આક્ષેપ છે કે આ બાબતે ઝોન ઓફિસ અને હાઈડ્રોલિક વિભાગના ઈજનેરોને વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી હોવા છતાં, તંત્ર દ્વારા હજુ સુધી સમારકામની કોઈ તસ્દી લેવામાં આવી નથી.

સુરત મહાનગરપાલિકા એક તરફ ‘સ્માર્ટ સિટી’ અને ‘સ્માર્ટ વોટર મેનેજમેન્ટ’ પાછળ કરોડો રૂપિયાનો ધુમાડો કરી રહી છે, ત્યારે મજુરા ગેટ જેવા મુખ્ય વિસ્તારમાં દિવસો સુધી લીકેજ યથાવત રહેતા મનપાની આધુનિક સિસ્ટમ સામે ગંભીર પ્રશ્નાર્થ ચિહ્નો ઊભા થયા છે. લીકેજ ડિટેક્શન મશીનરી અને કરોડોના મેઈન્ટેનન્સ કોન્ટ્રાક્ટ માત્ર કાગળ પર હોય તેમ જણાઈ રહ્યું છે. ‘જળ એ જ જીવન’ના સૂત્રો દ્વારા જનતાને પાણી બચાવવાની શીખ આપતી મનપા પોતાના જ વિભાગની બેદરકારીને કારણે થઈ રહેલા જળ બગાડને રોકવામાં સદંતર નિષ્ફળ સાબિત થઈ રહી છે. પ્રજાના ટેક્સના પૈસે શુદ્ધ થયેલું પાણી ગટરમાં વહી રહ્યું છે, ત્યારે હવે જોવાનું એ રહે છે કે ઊંઘતું તંત્ર આ બાબતે ક્યારે જાગશે અને ક્યારે આ ભંગાણનું કાયમી નિરાકરણ લાવશે.

# બાળકનું તાવમાં મોત બાદ પોલીસ દોડતી થઈ

**સોશિયલ** મીડિયામાં ઝોલા છાપ ડોક્ટરની બેદરકારીના મેસેજ વાયરલ થયો

સુરતઃ પાંડેસરામાં શ્રમજીવી પરિવારના નવ મહિનાના બાળકનું તાવમાં મોત થયું હતું.

વિકાસભાઈ રાજપુત હાલ પાંડેસરાના ગણેશનગરમાં પત્ની તેમજ નવ મહિનાના પુત્ર રાજા સાથે રહે છે. તેના પુત્ર રાજાને છેલ્લા ત્રણેક દિવસથી તાવ આવી રહ્યો હતો. જેથી પરિવારજનો ઘર પાસે આવેલ મેડિકલ સ્ટોર પરથી દવા લઈને આવ્યો હતો.

દવા પીધા બાદ રાજાને સારું થઈ જતું હતું, ત્યારબાદ બાદ થોડા સમયમાં ફરી તાવ આવી જતો હતો. દરમિયાન શુક્રવારે બપોરે રાજાની વધુ તબિયત લથડતા તેની માતા મેડિકલ સ્ટોર પર દવા માટે લઈને ગઈ હતી. તબિયત નાજુક હોવાથી મેડિકલ ચાલકે તેની ગાડીમાં રાજાને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં લઈ આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

બનાવને પગલે સોશિયલ મીડિયામાં ઝોલા છાપ ડોક્ટરની બેદરકારીના મેસેજ વાયરલ થયા હતા. જેને પગલે પાંડેસરા પોલીસના પીએસઆઇ એ.કે બારીયાએ તપાસ હાથ ધરી હતી. જેમાં એ મેસેજ ખોટા હોવાનું સામે આવ્યું હતું.


बैंक ऑफ़ बड़ौदा
Bank of Baroda

આશાનગર શાખા : જશ આર્કેડ, ક્રિષ્ણા સોસાયટી, આશા નગર, નવસારી ગુજરાત–૩૯૬૪૪૫, ફોન નં. ૯૦૨૩૫૩૯૧૮૮
email : vjnavs@bankofbaroda.com

**વાહનના વેચાણ માટે ની હરાજી નોટીસ**

બેંક ઓફ બરોડા અધિકૃત અધિકારીએ નીચેના લોન ખાતાઓમાં જારી કરાયેલી નોટિસના અનુસંધાનમાં નીચેના વાહનોનો કબજો “જ્યાં છે ત્યાં છે” અને “જેમ છે તે પ્રમાણે છે” પર બેંકની વસૂલાત માટેના આધારે વેચવાના અધિકાર સાથે લીધા હતા. બાકી લેણાં વત્તા વ્યાજ અહીં વિગતવાર દર્શાવેલ છે અને જ્યારે બાકી ચૂકવણી કરવામાં નિષ્ફળતાના પરિણામે, વાહન વેચાણની હરાજી નીચેના વાહનો માટે કરવાની જાહેર નોટીસ.

**હરાજીની તા.૨૯/૦૪/૨૦૨૬, સમય : બપોરે ૨:૦૦ થી સાંજે ૬:૦૦,**
**બીડ ભરવાની છેલ્લી તારીખ અને સમય : ૨૯.૦૪.૨૦૨૬, સમય : બપોરે ૨:૦૦ થી સાંજે ૬:૦૦**
**નિરિક્ષણ તારીખ અને સમય : ૨૭/૦૪/૨૦૨૬, સવારે ૧૦: ૦૦ થી સાંજે ૪:૦૦**

| અ. નં. | દેવાદાર/ જામીનદાર નામ અને સરનામું | વાહન ની વિગતો | બાકી લેણા (રૂ. લાખમાં) | અનામત કિંમત / ન્યુનતમ ઈએમડી / બીડ વધારાની રકમ | ૧. ઈએમડી ડિપોઝીટ ખાતા નં. ૨. આઈએફએસસી કોર્ડ ૩. બેંક ઓફ બરોડા શાખા |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રીમતી તોરલ પારેખ અને શ્રી ધવલ પારેખ ૪ વિજય પાર્ક સોસાયટી, લુન્સીકુઈ નવસારી, ગુજરાત– ૩૯૬૪૪૫ | HUNDAI AURA 1.2MT CNG 5 GJ21CC5520 | રૂા.૬,૯૩, ૬૬૫.૪૪ | ૧) રૂા. ૫,૫૦,૦૦૦/– ૨) રૂા. ૫૫,૦૦૦/– ૩) રૂા. ૫,૦૦૦/– | ૧. ૭૮૦૫૦૦૧૫૧૮૧૮૬૯ ૨. BARBOVJNAVS ૩. નવસારી |

BAANKNET મિલકત આઈડી અને હરાજી આઈડી અનું. નં. વગેરે વિગતો નીચે આપવામાં આવેલ છે.

| અનું. નં.૧ | BAANKNET મિલકત આઈડી : BARB78051660 | હરાજી આઈડી – |
|---|---|---|

* પર્કિંગ ચાર્જ બિડર/ખરીદનાર દ્વારા ભોગવવાનો રહેશે.
સફળ હરાજી ખરીદનાર/ બિડરે બેંકને વેચાણ રકમ ઉપરાંત લાગુ પડતો ગુડ્સ અને સર્વિસ ટેક્સ (GST)
વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે કૃપા કરીને વેબસાઈટ લિંક https://baanknet.com નો સદર્ભ લો/મુલાકાત લો. સંભવિત બોલી લગાવનારાઓ સંપર્ક કરી શકે છે.**અધિકૃત અધિકારી સંપર્ક અધિકારી : ૮૨૯૧૨૨૦૨૨૦.**

તારીખ : ૨૮.૦૩.૨૦૨૬ । સ્થળ : નવસારી — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા



**જાહેર નિવિદા નં. ૪૭/૨૦૨૫-૨૬(ત્રીજો પ્રયત્ન)**

ગુજરાત રાજ્યના નામદાર રાજ્યપાલશ્રી વતી ડી.પી.આઈ.યુ. અને કાર્યપાલક ઈજનેર, ડાંગ પંચાયત (મા*મ) વિભાગ આહવાજિ. ડાંગ ફોન નં (૦૨૬૩૧) ૨૨૦ ૩૩૬ દ્વારા ડાંગ જિલ્લાના ટી.એ.એસ.પી.૨૦૨૪-૨૫ યોજના અંતર્ગત નીચે મુજબના કામ માટે ઓનલાઈન ઈ-ટેન્ડરમાં જણાવ્યા મુજબના રજીસ્ટર્ડ ઈજારદારશ્રીઓપાસેથી ભાવો માંગવામાં આવે છે. આ કામોની ઈ-ટેન્ડરની સંપૂર્ણ વિગતો વેબ સાઈટ “http://tender.nprocure.com” ઉપર થી જોવા મળશે.
(૧) જરૂરી દસ્તાવેજો સ્કેન કરીને મુકવાના રહેશે.
(૨) દરેક દસ્તાવેજોની હાર્ડ કોપી તથા ટેન્ડર ફી, એફ.ડી.આર., આર.પી.એડી. થી કાર્યપાલક ઇજનેરશ્રી ડાંગ પંચાયત (મા*મ) વિભાગ આહવાની કચેરી જિલ્લા પંચાયત ભવન આહવા-ડાંગને સબમીશનની છેલ્લી તારીખ થી દિન-૦૭ સુધીમાં પહોચતા કરવાના રહેશે.
(3) સોલવંશી સર્ટિફીકેટ તાજેતરના કેલેન્ડર વર્ષ-૨૦૨૬નું માન્ય રાખવામાં આવશે.

| | |
|---|---|
| ઓનલાઈન ટેન્ડર જોવાની તારીખ | ૨૭/૦૩/૨૦૨૬ |
| ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ અને સમય | ૩૦/૦૪/૨૦૨૬, ૧૮.૦૦ કલાક |
| બીડ ખોલવાની તારીખ | ૩૦/૦૪/૨૦૨૬, ૧૮.૧૦ કલાક |

| ક્રમ | કામનું નામ | રકમ રૂ. લાખમાં | ટેન્ડર ફી |
|---|---|---|---|
| ૧ | કન્સ્ટ્રકશન ઓફ હુંબાપાડા વિલેજ પ્રાયરી સ્કુલ થી અંબિકા રીવર સુધી રોડ (ચે.૦/૦ ટુ ૧/૫૦૦) તા.આહવા જી.ડાંગ | ૬૧.૪૩ | ૨૪૦૦/- |
| ૨ | કન્સ્ટ્રકશન ઓફ કાકશાળા વિલેજ મેઇન રોડ ટુ હોન્યાભાઇના ઘર તરફ જતો રસ્તો (ચે.૦/૦ ટુ ૧/૦૦) તા.સુબીર જી.ડાંગ | ૪૦.૯૨ | ૧૫૦૦/- |
| ૩ | કન્સ્ટ્રકશન ઓફ બિલીઆંબા વિલેજ ગાય ગોઠણથી તાપી જિ.બોર્ડર સુધી રોડ તા.સુબીર જી.ડાંગ | ૩૯.૮૭ | ૧૫૦૦/- |
| ૪ | કન્સ્ટ્રકશન ઓફ ગડદ વિલેજ સાયમાળ તરફ જતો રોડ (ચે.૦/૦ ટુ ૧/૨૦૦) તા.આહવા | ૫૯.૪૨ | ૨૪૦૦/- |
| ૫ | કન્સ્ટ્રકશન ઓફ ડોન વી.એ. રોડ (ચે.૦/૦ ટુ ૨/૦૦) તા. આહવા જી.ડાંગ | ૫૫.૬૪ | ૨૪૦૦/- |
| ૬ | કન્સ્ટ્રકશન ઓફ ચિંચઘરા વિલેજ ટુ ભામભાઈના ઘર તરફ રોડ (ચે.૦/૦ ટુ ૧/૫૦૦) તા.આહવા જી.ડાંગ | ૬૭.૯૧ | ૨૪૦૦/- |

કામોના ટેન્ડર દસ્તાવેજો ફક્ત ઈલેક્ટ્રોનીક ફોરમેટમાંજ જોવા મળશે અને વેબસાઈટ “http://tender.nprocure.com” પરથી ડાઉનલોડ કરી શકાશે.

કાર્યપાલક ઈજનેર
ડાંગ પંચયાત (મા*મ) વિભાગ
આહવા

ક્રમાંકઃ માહિતી/ડાંગ/૨૮૧/૨૦૨૬